Received on 11-03-2026
Registered on 11-03-2026
Decided on 17-03-2026
Duration 00 - 00- 06
YY- MM - DD

सत्यमेव जयते

# ગાંધીનગર જિલ્લાના ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટમાં.

## ફોજદારી પરચુરણ અરજી નં. ૪૦૦/૨૦૨૬

**Ex- 07**

**હંસાજી ઉર્ફે હસમુખ આસાજી વણઝારા,**
ઉ.વ. ૩૪, રહે. મહાકાળીનગર, મોટેરા સ્ટેડીયમની પાસે,
ચાંદખેડા, અમદાવાદ, ........**અરજદાર**

**V/s.**

**ગુજરાત રાજ્ય સરકાર**
**પબ્લિક પ્રોસીક્યુટરશ્રી મારફતે**
**ગાંધીનગર.** ...... **સામાવાળા**

**ઉપસ્થિત ધારાશાસ્ત્રીશ્રીઓ:**

અરજદાર તર્ફે વિ.વકીલશ્રી પી.એમ.મહેતા,

સરકાર તરફે શ્રી. એચ.એન.રાવલ.

ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૪૦૭૭૫/૨૦૨૪, બી.એન.એસ.–૨૦૨૩ ની કલમ–૧૦૩(૨), ૧૦૯(૧), ૧૧૮(૧), ૧૧૮(૨), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૩), ૩૫૧(૩), ૨૯૬(બી), ૩૨૪(૬),૧૨૬(૨),૩(૫),૬૧(૨)(ક), ૬૧(૨)(ખ) તથા જી.પી.એ.કલમ–૧૩૫

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

## –:: જ જ મે ન્ટ ::–

**૧.૧** અરજદાર/આરોપીએ તેઓની સામે ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૪૦૭૭૫/૨૦૨૪, બી.એન.એસ.–૨૦૨૩ ની કલમ–૧૦૩(૨), ૧૦૯(૧), ૧૧૮(૧), ૧૧૮(૨), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૩), ૩૫૧(૩), ૨૯૬(બી), ૩૨૪(૬), ૧૨૬(૨), ૩(૫), ૬૧(૨)(ક), ૬૧(૨)(ખ) તથા જી.પી.એ.કલમ–૧૩૫ (૧)

મુજબના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ અન્વયે હેઠળ રેગ્યુલર જમીન મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

**૨.૧** અરજદારના વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તા.૨૦/૧૧/૨૦૨૪ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. તપાસ પૂર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે જેનો એસ.સી.નં.૬૬/૨૦૨૫ છે.

**૨.૨** વિશેષમાં જણાવેલ છે કે, સમગ્ર ફરીયાદની હકીકત ધ્યાને લેતાં ખોટી રીતે તેઓને તહોમતદાર તરીકે દર્શાવેલ છે. ફરીયાદીના દીકરા સાથે ઝઘડો થતાં સમાધાન માટે જતાં હોવાની હકીકત ફરીયાદીએ ખોટી ઉભી કરેલ છે. આ પ્રકારનો કોઈ બનાવ બનેલ નથી. ફરીયાદી તેમજ તેમના અન્ય સગા–સંબંધીઓ ભેગા મળી અરજદારોના સંબંધી સોમાજી કાનાજી વણઝારાને માર મારેલ હતો. જેની ફરીયાદ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં તા.૧૦/૦૯/૨૦૨૪ ના રોજ દાખલ કરેલ હતી. જેની અદાવત રાખી ફરીયાદી તથા તેની સાથે આશરે ૧૧ વ્યકિતઓ પ્રિ–પ્લાન કરી મારવા માટે આવેલ હતા. જે ખરી હકીકત ફરીયાદપક્ષે જાહેર કરેલ નથી. જે ધ્યાને લેતાં પણ તેઓ નિર્દોષ છે.

**૨.૩** વિશેષમાં જણાવેલ છે કે, હાલ સદર કેસ પુરાવા ઉપર ચાલે છે. જેમાં ૧૬ સાક્ષીઓનો પુરાવો નોંધાઈ ગયેલ છે. રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં પણ બનાવ સમયે તેઓએ કોઈ પણ પ્રકારનું કૃત્ય કરેલ હોય તેમ પ્રથમદર્શનીય રીતે માની શકાય તેમ નથી. તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટના તા.૦૫/૦૫/૨૦૨૫ નાઓના ઓરલ ઓર્ડરમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, ટ્રાયલને પૂર્ણ થતા નવ મહીના થી વધુનો સમય વિતી ગયેલ હોય તો જામીન અરજી દાખલ કરી શકે છે. સદર કેસમાં ટ્રાયલ ચાલતા નવ માસ કરતા વધારે સમય પસાર થઈ થયેલ છે. કેસની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે. જેથી જામીન મુકત કરવા અરજ કરેલ છે.

**૩.૧** વિ.સરકારી વકીલશ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર તેમજ અન્ય આરોપીઓ ભેગા મળીને પુર્વ આયોજીત કાવત્રુ રચી એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી હાલનો આ ગુન્હો કરેલ છે. હાલના અરજદાર તેમજ અન્ય આરોપીઓએ અગાઉના ફરીયાદી સાથે બનાવ બાબતેની અદાવત રાખી તા.૧૩/૧૧/૨૦૨૪ ના રોજ સમાધાન કરવા સારૂ બોલાવીને ચાંદખેડા મોટેરા રામાપીર મંદિર આશ્રમ પાસે હાર્ડવેરની દુકાન ખાતે હાજર હતા તે સમયે અરજદારોએ લાકડી તેમજ અન્ય હથીયારોથી ગંભીર પ્રકારની ઈજા

મરણ જનારને અને સાહેદોને પહોંચાડેલ છે. આ સંજોગોમાં હાલના અરજદાર આ ગુન્હામાં સંડોવાયેલ હોય તેમ પ્રથમદર્શનીય રીતે જણાય છે.

**૩.૨** વિશેષમાં જણાવેલ છે કે, તપાસ દરમ્યાન સાહેદો (૧) કાળુજી તેજાજી વણઝારા (૨) કાળુજી ભાવાજી વિશાજી વણઝારા (૩) રાજુભાઈ ઉર્ફે રાજુજી સ/ઓ નારાજી વણઝારા (૪) નરસિંહભાઈ ગોપાજી વણઝારા (૫) મેરાજી નંગાજી રામાજી વણઝારા (૬) પાંડુજી છોગાજી ફોજાજી વણઝારા (૭) સરદારજી બબાજી અખાજી વણઝારા (૮) જગદીશ ઉર્ફે જગાજી કાળુજી વણઝારા (૯) સુરેશ સ/ઓ ગોવિંદભાઈ ભૈરાજી વણઝારા નાઓના નિવેદન નોંધેલમાં આ કામના અરજદારની બનાવ સમયે હાજરી જણાય છે જેમાં અરજદારના હાથમાં લાકડી જેવા હથીયાર હતા તે હકીકત પણ ફલીત થાય છે. જેથી ફરીયાદીની ફરીયાદને સમર્થન પ્રાપ્ત થાય છે.

**3.3** વિશેષમાં જણાવેલ છે કે, અરજદાર, ફરીયાદી તેમજ સાહેદો એક જ જ્ઞાતિના છે. ટ્રાયલ ચાલવા પણ ૧૬ સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે. આ સંજોગોમાં આ તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે નહી તેમજ સાક્ષી પુરાવા સાથે પણ ચેડા કરે તેવી શકયતા નકારી શકાય તેમ નથી. તેથી હાલની આ જામીન અરજી ના–મંજૂર કરવા અરજ કરેલ છે.

**૩.૪** વિશેષમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી ગુનાવાળી જગ્યાએ સી.સી.ટી.વી. કેમેરામાં કેદ થયેલ છે. સદર બનાવનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયેલ છે જેમાં આ બનાવને અંજામ આપતા અરજદાર/ અરોપી દેખાતા હોય અરજદાર/આરોપીની સદર ગુનામાં સંડોવણી હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. અરજદાર સામે ગંભીર પ્રકારના ગુન્હાના આક્ષેપ છે. જામીન મુકત થવાથી બહાર આવી ફરીથી આવા ગંભીર પ્રકારના ગુનાઓ કરે તેની પુરેપુરી શકયતા રહેલ છે. ટ્રાયલ નાજુક તબકકે હોય હાજર રહેશે નહીં અને નાસી ભાગી જાય તેવી શકયતા છે. તેમજ જામીન મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના સાહેદોને ધાક–ધમકી આપી પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતા નકારી શકાય તેમ નથી. હાલના તબકકે અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**૩.૫** વિશેષમાં જણાવેલ છે કે, તપાસના અંતે કુલ–૧૬ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ થયેલ

છે. કેસની ટ્રાયલ ચાલું છે. ફરીયાદપક્ષ તરફ થી કુલ–૧૧ સાક્ષીઓને આજદિન સુધી તપાસેલા છે. હાલના અરજદારની ક્રિ.પ.અ.નં.૨૮૬/૨૦૨૫ ની જામીન અરજી સેસન્સ અદાલત તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષની ક્રિ.પ.અ.નં.૬૫૩૫/૨૦૨૫ ની રેગ્યુલર જામીન અરજીઓ નામંજુર કરેલી છે. જેથી અરજદારે હાલની સબસીકવેટલી જામીન અરજી રજુ કરેલી છે. તેથી પણ હાલની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**૪.૧** બંને પક્ષકારોની રજૂઆતો અને હકીકતો ધ્યાને લેતા નીચે મુજબની હકીકતો જણાય છે.

- અરજદાર આરોપી સામે ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૪૦ ૭૭૫/૨૦૨૪, બી.એન.એસ.–૨૦૨૩ ની કલમ–૧૦૩(૨), ૧૦૯(૧), ૧૧૮(૧),૧૧૮(૨),૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૩), ૩૫૧(૩),૨૯૬(બી), ૩૨૪(૬),૧૨૬(૨),૩(૫),૬૧(૨)(ક),૬૧(૨)(ખ) તથા જી.પી.એક્ટ– ૧૩૫(૧) મુજબના ગુનાનો આક્ષેપ છે.

- આ કામે ફરીયાદ હકીકત એવી છે કે, આ કામના તમામ આરોપીઓએ અગાઉના ઝઘડાની અદાવત રાખી પૂર્વ આયોજીત કાવત્રુ રચી એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી એકબીજાની મદદગારી કરી આ બનાવને અંજામ આપેલ છે. જેમાં આ કામના આરોપીએ સહ આરોપીઓએ સાથે મળી પૂર્વ આયોજીત કાવત્રુ રચી એક સંપ થઈ આ કામના ફરીયાદી, સોહદોની ગાડીઓને તેમની પાસેની લાકડીથી નુકશાન કરે છે તેમજ ફરીયાદીને તથા સાહેદ નં.૩૪ જગદીશ ઉર્ફે જગાજી કાળુજી વણઝારા તથા સાહેદ નં.૨૭ કાળુજી ભાવાજી વિશાજી વણઝારાને લાકડીઓથી ફટકા મારેલ છે. જેનાથી ફરીયાદી તથા સાહેદોને. ગંભીર પ્રકારની ઈજાઓ થયેલી છે. જેથી આ કામના અરજદાર આ ગુનામાં સક્રિય સંડોવણી છે. ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. સદર બનાવમાં સરદારજી ગોપાજી વણઝારાનું મૃત્યુ થયેલ છે.

- આ હકીકત તપાસ દરમ્યાન સાહેદો (૧) કાળુજી તેજાજી વણઝારા (૨) કાળુજી ભાવાજી વિશાજી વણઝારા (૩) રાજુભાઈ ઉર્ફે રાજુજી સ/ઓ નારાજી વણઝારા (૪) નરસિંહભાઈ ગોપાજી વણઝારા (૫) મેરાજી નંગાજી રામાજી વણઝારા (૬) પાંડુજી છોગાજી ફોજાજી વણઝારા (૭) સરદારજી બબાજી અખાજી વણઝારા (૮) જગદીશ ઉર્ફે જગાજી કાળુજી વણઝારા (૯) સુરેશ સ/ઓ ગોવિંદભાઈ ભૈરાજી વણઝારાના નિવેદનો જોતાં પણ ફલીત થાય છે. વિશેષમાં આ હકીકતનો સમર્થન તપાસ દરમ્યાન ત.ક.અ.શ્રી

એ કબજે કરેલ સીસીટીવી ફુટેજ તેમજ પી.એમ. રીપોર્ટ ધ્યાને લેતાં પણ પ્રાપ્ત થાય છે. આ સંજોગોમાં હાલના અરજદાર આ ગુન્હામાં સંડોવાયેલ હોય તેમ પ્રથમદર્શનીય રીતે જણાય છે.

- ઉપરોકત હકીકત, વિ.સરકારી વકીલશ્રીની રજૂઆતો અને પોલીસ પેપર્સ ધ્યાને લેતાં આ કામના અરજદાર/આરોપી ગુનાવાળી જગ્યાએ સી.સી.ટી.વી. કેમેરામાં કેદ થયેલ છે. સદર બનાવનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયેલ છે જેમાં આ બનાવને અંજામ આપતા અરજદાર/અરોપી દેખાતા હોય અરજદાર/આરોપીની સદર ગુનામાં સંડોવણી હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. જેથી ગુન્હાની ગંભીરતા લક્ષમાં લેતાં અરજદાર અને ફરીયાદી અને સાહેદો એક જ સમાજના હોય આ તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થાય તેવી શકયતા નકારી શકાય તેમ નથી તેમજ જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નાસી–ભાગી જાય તેવી પણ શકયતા છે.

- અરજદાર/આરોપી તરફથી અગાઉ સેસન્સ અદાલત સમક્ષ ચાર્જશીટ બાદ ક્રિ.પ.અ. નં.૨૮૬/૨૦૨૫ ની અને નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષની ક્રિ.પ.અ.નં.૬૫૩૫/૨૦૨૫ ની જામીન અરજી રજુ કરેલી હતી જે ગુણદોષ ઉપર નામંજુર કરવાનો આદેશ કરેલ છે. સરકારી વકીલશ્રીની દલીલ ધ્યાને લેતાં આરોપી સામેની ટ્રાયલ ચાલુ છે અને આરોપી સામેના સાક્ષી પુરાવા તપાસવામાં આવેલા છે. તેથી પણ આ તબકકે જામીન ઉપર મુકત કવા યોગ્ય અને ન્યાયી જણાણું નથી. ગુન્હાની ગંભીરતા લક્ષમાં લેતાં અરજદાર અને ફરીયાદી અને સાહેદો એક જ વિસ્તારમાં રહેતા હોય, એક જ સમાજના હોય આ તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતા નકારી શકાય તેમ નથી. નામ.સુપ્રિમ કોર્ટના **AIR 2017 S.C.5398, ANIL KUMAR YADAV V/S STATE OF (NCT) DELHI** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોય અને ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થાય તેવી શકયતા જણાતી હોય તેવા સંજોગોમાં જામીન મંજૂર કરી ન શકાય.

**૫.૧** ઉપરોકત હકીકત ધ્યાને લેતાં આ કામના અરજદાર/ આરોપી સામે ગંભીર પ્રકારના ગુન્હાના આક્ષેપ છે. આ સંજોગોમાં આ તબકકે અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા યોગ્ય અને ન્યાયી જણાતું નથી.જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) અરજદાર/આરોપી **હંસાજી ઉર્ફે હસમુખ આસાજી વણઝારા,** ઉ.વ. ૩૪, રહે. મહાકાળીનગર, મોટેરા સ્ટેડીયમની પાસે, ચાંદખેડા, અમદાવાદ નાઓની ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર. નં.૧૧૧ ૯૧૦૦૮૨૪૦૭૭૫/૨૦૨૪, બી.એન. એસ. ૨૦૨૩ ની કલમ–૧૦૩(૨), ૧૦૯(૧), ૧૧૮(૧), ૧૧૮(૨), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૩), ૩૫૧(૩), ૨૯૬(બી), ૩૨૪(૬), ૧૨૬ (૨), ૩(૫), ૬૧(૨)(ક), ૬૧(૨)(ખ) તથા જી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ. ૨૦૨૩ કલમ– ૪૮૩ મુજબની રેગ્યુલર જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ–**૧૭મી** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તારીખ : ૧૭–૦૩–૨૦૨૬.**
સ્થળ : ગાંધીનગર.

**(પિયુષ મહેન્દ્રભાઈ ઉનડકટ)**
GJ00716
ત્રીજા અધિક સેસન્સ જજ,
ગાંધીનગર.

/PSP/